પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૭૨ | ૧૩ ડિસેમ્બર, ૨૦૧૮, ગુરૂવાર; માગશર સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**એનઆરસી માટેના વાંધાઓ ૩૧મી ડિસેમ્બર સુધી સ્વીકારાશે**

નેશનલ રજીસ્ટર ઓફ સીટીઝન (એનઆરસી)ના વાંધાઓ અને દાવાઓ માટેની તારીખ લંબાવાઈ છે. સુપ્રિમ કોર્ટે ૧૫મી ડિસેમ્બરના બદલે ૩૧ ડિસેમ્બર સુધી વાંધાઓ સ્વીકારાશે તેમ જણાવ્યું છે.

**લોકસભા ગૃહ મુલ્તવીની બે નોટીસ**

લોકસભામાં શીવસેનાના સાંસદ ચંદ્રકાન્ત ખેરે રામંદિર અને રાજદના સાંસદ જે.પી. યાદવે સીબીઆઈના દુર ઉપયોગ મામલે ગૃહ મલ્તવી રાખવાની નોટીસ લોકસભાને મોકલી છે.

**યોગી ફોર પીએમના પોસ્ટર લાગ્યા**

લખનઉમાં સીએમ બંગલોની બહાર હાઈ સીક્યોરીટી ઝોનમાં 'મોદી હટાવો, યોગી લાવો'ના પોસ્ટરો લાગતા ઉત્તરપ્રદેશના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. નવનિર્માણ સેનાના નામે લાગેલા પોસ્ટર મામલે તપાસના હુકમો કરાયા છે.

**ચીને આઈફોનના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો**

ચીને દેશમાં આઈફોનના વેચાણ પર પ્રતિબંધ લગાવી દીધો છે. આ વાતની જાણકારી ચિપ નિર્માણ કંપની ક્વાલકોમે આપી છે. ક્વાલકોમ અનુસાર ચીને આઈફોન વેચનારી કંપની પર પ્રતિબંધ લગાવી દીધો છે.


# રિઝર્વ બેંકના મૂલ્યો જાળવીશું : શક્તિકાંત

**શક્તિકાંત દાસે આરબીઆઈ ગવર્નર પદનો ચાર્જ સંભાળ્યો : આરબીઆઈના ગવર્નર આજે વિવધ બેક્ના સીઇઓ અને એમડી સાથે બેઠક કરશે, જેટલીએ શક્તિકાંત દાસને આરબીઆઈના ટોચના પદ માટે યોગ્ય સાખ વાળા વ્યક્તિ ગણાવ્યા**

મુંબઈ,તા.૧૨

ભારતીય રિઝર્વ બેંક (ઈંર્ભે)ના ગર્વનર પદનો કાર્યભાર સંભાળ્યા બાદ શક્તિકાંત દાસ બુધવારે પહેલીવાર મીડિયા સાથે રૂબરૂ થયા. શક્તિકાંત દાસે પત્રકાર પરિષદ દરમિયાન કહ્યું કે બેંકની આઝાદી અને મૂલ્યોને જાળવી રાખીશું. આ દરમિયાન તેમણે કહ્યું કે બેકિંગ સેક્ટર પર તાત્કાલિક ફોકસ કરીશું. આરબીઆઈ એક મહાન સંસ્થાન છે, તેની લાંબી અને સમૃદ્ધ વિરાસત છે. શક્તિકાંત દાસે કહ્યું કે બધા મુદ્દાઓનો અભ્યાસ કરવામાં સમય લાગશે. આજના સમયમાં નિર્ણય લેવો વધુ જટિલ થઈ જશે. બધા ભાગીદારો પાસેથી સલાહ ખૂબ મહત્વપૂર્ણ છે. તેનાથી મુદ્દાઓને લઈને અમારી સમજ સારી થશે.

શક્તિકાંત દસે કહ્યું કે હું સીઈઓ સાથે મુંબઈમાં એક બેઠક બોલાવી છે. આ પહેલાં બુધવારે સવારે શક્તિકાંત દાસે ગર્વનર પદનો કાર્યભાર ગ્રહણ કર્યો.



આવતીકાલે એટલે કે ગુરૂવારે સરકારી બેંકોના એમડી અને કાર્યભાર ગ્રહણ કર્યા બાદ

● અનુસંધાન પાન-૭ પર

## રિઝર્વ બેંકના નવા ગવર્નર દાસે હિસ્ટ્રી વિષય સાથે એમ.એ. કર્યું છે : જયનારાયણ વ્યાસ

**આશા રાખું કે તેઓ આરબીઆઈને એક હિસ્ટ્રી ન બનાવી દે**

ગાંધીનગર,તા.૧૨

ઉર્જિત પટેલના અચાનક રાજીનામા બાદ મોદી સરકારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નવા ગવર્નર તરીકે શક્તિકાંત દાસની નિમણૂક કરી છે. ત્યારે ગુજરાત ભાજપના નેતા જય નારાયણ વ્યાસ આજે તેમને આવકારતા એક રમૂજી ટ્વીટ કરી છે. ટ્વીટમાં તેમણે લખ્યું છે કે આરબીઆઈના નવા તરીકે નિયુક્ત થયેલા ગવર્નર શક્તિકાંત દાસે હિસ્ટ્રી વિષય સાથે એમ.એ. કરેલું છે. હું આશા રાખીને પ્રાર્થના કરું છું કે તેઓ પણ આરબીઆઈને એક હિસ્ટ્રી ન બનાવી દે. ભગવાન તેમનું ભલું કરે. હાલ સરકાર અને રિઝર્વ બેંક વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે અને સરકાર રિઝર્વ બેંકની કામગીરીમાં હસ્તક્ષેપ કરી રહી હોવાના આક્ષેપ થઈ રહ્યાં છે એ સંજોગોમાં જય નારાયણ વ્યાસની આ ટ્વીટ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની છે.

## શક્તિકાંત દાસ પી.ચિદમ્બરમના ખોટા કામમાં સાથ આપતા હતા : એસ.સ્વામી

ન્યુ દિલ્હી,તા.૧૨

રિઝર્વ બેક્ના નવા ગર્વનરની નિમણૂંકને હજી ૨૪ કલાક નથી થયાને તેમનો વિરોધ પણ શરુ થઈ ગયો છે. ભાજપના જ સાસંદ સુબ્રમણ્યમ સ્વામીએ રિઝર્વ બેક્ ઓફ ઈન્ડિયાના નવા ગર્વનર શક્તિકાંત દાસની નિમણૂંક પર સવાલ ઉઠાવીને આશંકા વ્યક્ત કરી છે કે નવા ગર્વનર પોતાના પદનો દુરપયોગ કરી શકે છે. સ્વામીએ પીએમને પત્ર લખીને આરોપ મુક્યો છે કે શક્તિકાંત દા પૂર્વ નાણા મંત્રી પી ચિદમ્બરમ માટે કામ કરી ચુક્યા છે.તેઓ ચિદમ્બરમની નજીક છે.આમ છતા કયા હિસાબે કેન્દ્ર સરકારે તેમને ગર્વનર તરીકે મુકવાનો નિર્ણય કર્યો. મીડિયા સાથે વાતચીતમાં સ્વામીએ કહ્યુ હતુ કે શક્તિકાંત દાસ પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમને ખોટા કામમાં સાથ આપતા હતા.તેમણે પી ચિદમ્બરમને તપાસમાંથી બચાવવા માટેના ભરપૂર પ્રયત્નો કર્યા હતા.

# મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રી પદે કમલનાથની શક્યતા



**કોંગ્રેસે ૧૨૧ ધારાસભ્યોના સમર્થનવાળો પત્ર રાજ્યપાલને સોંપ્યો : માયાવતી-સપાએ સમર્થન આપતાં કોંગ્રેસ માટે સરકાર બનાવવાનો રસ્તો આસાન બન્યો, મુખ્યમંત્રીની રેસમાં કમલનાથ સૌથી આગળ, જ્યોતિરાદિત્ય સિંધિયા પણ રેસમાં**

ભોપાલ,તા.૧૨

મધ્યપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે કોંગ્રેસને રાજ્યમાં સરકાર રચવા માટે ઔપચારિક આમંત્રણ આપ્યું છે. અગાઉ રાજ્યમાં ૧૧૪ બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે કોંગ્રેસે રાજ્યપાલ પાસે સરકાર રચવા માટે મુલાકાતનો સમય માંગ્યો હતો. જે અનુસાર બપોરે ૧૨ વાગ્યે કોંગ્રેસ નેતાઓ કમલનાથ, દિગ્વિજય સિંહ અને જ્યોતિરાદિત્ય સિંધિયા રાજ્યપાલને મળવા રાજભવન પહોંચ્યાં હતાં. કોંગ્રેસ નેતાઓએ રાજ્યપાલને મળીને ૧૨૧ ધારાસભ્યોના સમર્થનવાળો પત્ર સોંપ્યો હતો.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે કમલનાથનું નામ મુખ્યમંત્રીની રેસમાં સૌથી આગળ ચાલી રહ્યું છે. મંગળવારે આવેલા મધ્ય પ્રદેશની ચૂંટણી પરિણામોમાં કોંગ્રેસને સૌથી વધારે ૧૧૪ બેઠક

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસને સત્તા સુધી પહોંચાડવામાં ચાર ગુજરાતીઓની ભૂમિકા

ન્યુ દિલ્હી,તા.૧૨

દેશનાં પાંચ રાજ્યોની ચૂંટણીનાં પરિણામો આવી ગયા છે. આ પરિણામોથી કોંગ્રેસમાં એક નવો ઉત્સાહ અને આશા ઉદભવી છે, તો ભાજપ માંટે લોકસભાની ચૂંટણી પહેલા આ પરિણામો ચિંતાનો વિષય બન્યા છે. પાંચમાંથી ૨ રાજ્યામાં કોંગ્રેસ પાર્ટી સત્તા સંભાળશે. તો મધ્યપ્રદેશમાં સત્તા બનાવવા માટે કોંગ્રેસ અને ભાજપે અન્ય પાર્ટીઓનાં સમર્થન પર મદાર રાખવો પડશે. બંને પાર્ટીઓએ મધ્યપ્રદેશમાં સરકાર બનાવવા માટે એડીચોટીનું જોર લગાવવાનું ચાલુ કરી દીધુ છે. અહીં કોંગ્રેસ પાસે ૧૧૪ સીટો છે તો બીજેપી પાસે ૧૦૯ સીટો છે. કોઈપણ પાર્ટી પાસે બહુમત નથી.

બીજી તરફ ભાજપનું 'કોંગ્રેસમુક્ત ભારત'નું સપનુ તુટી ગયું છે. કોંગ્રેસ કાર્યકર્તાઓ દેશભરમાં જીતની ઉજવણી કરી રહ્યા છે. કોંગ્રેસની આ જીતમાં ૪ ગુજરાતી આગેવાનોએ મહત્વનો

● અનુસંધાન પાન-૭ પર

## છત્તીસગઢમાં રાહુલે મત જાણવા કાર્યકરોને ફોન કર્યા

રાયપુર,તા.૧૨

છત્તીસગઢમાં મળેલી જંગી બહુમતિ બાદ હવે કોંગ્રેસ સમક્ષ મુખ્યમંત્રીપદ માટે કોના પર પસંદગી ઉતારવી તેનો પડકાર છે.

આ માટે જોકે રાહુલ ગાંધીએ નવતર ઉપાય અજમાવ્યો છે.રાહુલ ગાંધી છત્તીસગઢમાં નેતાઓની જગ્યાએ કોંગી કાર્યકરોએ ફોન કરીને કોને સીએમ બનાવવા તેનો અભિપ્રાય મેળવી રહ્યા છે.

એવુ પહેલી વખત થઈ રહ્યુ છે કે કોંગ્રેસના અધ્યક્ષે સીધા કાર્યકરોને ફોન કરીને તેમની સલાહ માંગી હોય.આ પહેલા રાહુલ ગાંધીએ છત્તીસગઢના કોંગ્રેસી કાર્યકરોને બબ્બર શેર કહીને સંબોધન કર્યુ હતુ.

છત્તીસગઢમાં ૯૦માંથી ૬૭ બેઠકો પર કોંગ્રેસે જીત મેળવીને ભાજપના સૂપડા સાફ કરી નાંખ્યા છે. હાલમાં કોંગ્રેસમાં ટીએસ સિંહદેવ, ડો.ચરણદાસ મહંત, ભૂપેશ બઘેલ, તામ્રધ્વજ સાહૂ સીએમ પદની રેસમાં છે.

# રાજસ્થાનમાં મુખ્યમંત્રી પદ માટે આજે નિર્ણય થશે

**દિલ્હીમાં પહોંચ્યા બાદ રાહુલ દ્વારા અંતિમ નિર્ણય લેવાશે : અશોક ગહેલોત અને સચિન પાયલોટ વચ્ચે સંમતિ ન થતાં કોંગ્રેસના કાર્યકરો ચિંતાતુર : મધ્યપ્રદેશમાં કમલનાથના નામ પર સંમતિ : છત્તીસગઢમાં સસ્પેન્સ**

નવી દિલ્હી,તા. ૧૨

મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસના મુખ્યમંત્રી કોણ રહેશે તેને લઈને સત્તાવાર જાહેરાત મોડે સુધી કરી શકાય ન હતી. જો કે, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકે કમલનાથને જવાબદારી સોંપવાની તૈયારી કરી લેવામાં આવી છે. સત્તાવાર જાહેરાત થઈ શકી ન હતી. આજે બેઠકોનો દોર જારી રહ્યો હતો. એકબાજુ રાજસ્થાનમાં ચૂંટાયેલા ધારાસભ્યોની બેઠક જયપુરમાં યોજાઈ હતી જ્યારે બીજી બાજુ મધ્યપ્રદેશના ભોપાલમાં બેઠક યોજાઈ હતી. ચૂંટાયેલા સભ્યોની બેઠકમાં મુખ્યમંત્રી પદના મુદ્દા પર વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. મધ્યપ્રદેશમાં કોંગ્રેસના પાંચ સભ્યોના પ્રતિનિધિ મંડળે મોડેથી રાજ્યપાલ આનંદીબેન પટેલને મળીને સરકાર રચવાનો દાવો કર્યો હતો. આવી જ રીતે રાજસ્થાનમાં પણ કોંગ્રેસના નેતાઓએ રાજ્યપાલ કલ્યાણસિંહને મળીને સરકાર રચવા માટેનો દાવો કર્યો હતો. મધ્યપ્રદેશમાં કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતાની પસંદગીનો નિર્ણય કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પર છોડવામાં આવ્યો હતો. એવું જાણવા મળ્યું હતું કે, ધારાસભ્યોની બેઠકમાં કમલનાથ પર પસંદગી ઉતારવામાં આવી હતી. જો કે, સત્તાવાર જાહેરાત થઈ શકી ન હતી.



તેમના નામનું સૂચન જ્યોતિરાદિત્ય દ્વારા જ કરાયું હોવાનું જાણવા મળ્યું હતું. કમલનાથના નેતૃત્વમાં પાંચ સભ્યોની કોંગ્રેસ ટીમ મધ્યપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલને મળવા પહોંચ્યા હતા જેમાં જ્યોતિરાદિત્ય સિંધિયા, દિગ્વિજયસિંહનો સમાવેશ થાય છે. બીજી બાજુ રાજસ્થાનમાં બેઠક બાદ સચિન પાયલોટ અને ગહેલોત સહિત મુખ્ય નેતા દિલ્હી જવા રવાના થયા હતા. બંને જગ્યાઓ ઉપર રાહુલ દ્વારા નિર્ણય લેવામાં આવશે. રાજસ્થાનમાં કોંગ્રેસે આઠ વાગે રાજ્યપાલને મળવાનો સમય માંગ્યો હતો. મધ્યપ્રદેશમાં કમલનાથને નેતા ચૂંટી કાઢવામાં આવ્યા હતા. છત્તીસગઢમાં હજુ સુધી કોઈ પસંદગી કરવામાં આવી નથી. કમલનાથ યુપીએની સરકારમાં કેન્દ્રીયમંત્રી તરીકે હતા. કમલનાથની

● અનુસંધાન પાન-૭ પર

## આજે તેલંગણામાં ચંદ્રશેખર રાવ મુખ્યમંત્રી પદના શપથગ્રહણ કરશે

હૈદરાબાદ,તા.૧૨

તેલંગાણામાં એક તરફી ચૂંટણી જીત્યા પછી હવે ઈજી વડા કે.ચંદ્રશેખર રાવ સરકાર રચવા માટે તૈયાર છે. માહિતી મુજબ કેસીઆર એક વખત ફરીથી તેલંગાણાના મુખ્યમંત્રી પદના શપથગ્રહણ કરશે. તેના માટે બધી તૈયારીઓ પણ લગભગ પૂર્ણ થઈ ચૂકી છે.

અહેવાલ મુજબ ગુરુવારે બપોરે ૧.૩૦ વાગ્યે ટીએઆરએસ પ્રમુખ કેસીઆરનો શપથ ગ્રહણ સમારોહ થશે. તેઓ બપોરે ૧.૩૪ વાગ્યે મુખ્યમંત્રી પદના શપથ લેશે. આ સમય શુભ મુહુર્ત છે. કેસીઆરે ઘણા જાણકારો અને પંડિતો સાથે વાતચીત પછી આ શુભ મુહુર્ત પર શપથ ગ્રહણ કરવાની તૈયારી કરી છે.

નોંધનીય છે કે મંગળવારે થયેલી મતગણતરીએ સ્પષ્ટ કર્યું કે ટીઆરએસે રાજ્યમાં એકતરફી જીત મેળવી છે. રાજ્યની કુલ ૧૧૯ બેઠકોમાંથી ટીઆરએસના ખાતામાં ૮૮ બેઠકો ગઈ હતી. જ્યારે કોંગ્રેસે ૧૯ બેઠકો પર જીત મેળવી હતી. અસદુદીન



ઓવૈસીની પાર્ટી એઆઈએમઆઈએમને પણ સાત બેઠકો પર જીત મળી છે. જ્યારે ભાજપે માત્ર એક બેઠક પર જ સંતોષ માનવો પડ્યો હતો. ઉપરાંત એક-એક બેઠક ફોરવર્ડ બ્લોક અને અન્ય ઉમેદવારોને મળી હતી.

**શુદ્ધ સીંગતેલના લાઈવ દાળવડા**

અજયભાઈ પ્રજાપતિ

૯૫૭૪૫ ૯૧૧૬૧

**શક્તિ દાળવડા હાઉસ**

દાળવડાનું તૈયાર ખીરૂ મળશે.

સે.૨૧, રોયલ હોન્ડા શો-રૂમની લાઈનમાં, ચંદન એન્ટરપ્રાઈઝની બાજુમાં, ગાંધીનગર

# હિમાચલ, ઉત્તરાખંડ અને કાશ્મીરમાં હિમવર્ષા



શ્રીનગર, તા. ૧૨

જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશમાં ઉંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા થતાં ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. બીજી બાજુ મેદાની ભાગોમાં કેટલાક વિસ્તારમાં વરસાદ પણ થયો છે. પહાડી વિસ્તારોમાં હિમવર્ષાના પરિણામ સ્વરુપે મેદાની ભાગોમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. કેટલાક રાજ્યો તીવ્ર ઠંડીના સકંજામાં આવી ગયા છે. ઉત્તરપ્રદેશમાં ઠંડીના કારણે ત્રણ લોકોના મોત થઈ ગયા છે. અનેક ભાગોમાં પારો આઠથી પણ નીચે પહોંચી ગયો છે. હિમાચલ, ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. હિમાચલના લાહોલ-સ્પિતી, પંબા, કુલ્લુ અને કિન્નોર જિલ્લામાં હિમવર્ષા થઈ છે. ઉત્તરાખંડમાં પણ હિમવર્ષા થઈ છે. ગંગોત્રી, બદ્રીનાથ, યમનોત્રી અને કેદારનાથમાં વરસાદની સાથે સાથે હિમવર્ષા થઈ છે. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી બે દિવસ દરમિયાન જોરદાર ઠંડી પડવાના સંકેત છે.

**હિમવર્ષા અને વરસાદથી તીવ્ર ઠંડીનું મોજુ ફેલાયું : ગુલમર્ગમાં માઇનસ ૭.૬ અને કારગિલમાં માઇનસ ૭.૩ ડિગ્રી તાપમાન**

મેદાની ભાગોમાં હરિયાણા, પંજાબ, દિલ્હી, રાજસ્થાન અને બિહારમાં સવારમાં ધુમ્મસની ચાદર છવાઈ ગઈ છે. શ્રીનગરથી પ્રાપ્ત અહેવાલ મુજબ જમ્મુ કાશ્મીરના ઉંચાણવાળા વિસ્તારોમાં નવેસરથી હિમવર્ષા થઈ છે.

**ROOPKALA**

The silver shop

**માત્ર ચાંદીનો શો-રૂમ**

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય